## રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧


-: અખબારી યાદી:-

# ફુડ ડીલીવરી બોય માટે હેલ્થ કાર્ડ ઇસ્યુ

## ૧૩૬ ડીલીવરી બોયને કાર્ડ ઇસ્યુ કર્યા

તા.૨૫-૧૧-૨૦૨૦




કોરોના સંક્રમણ ચેઈન તોડવાના આશય સાથે રાજકોટ મહાનગરપાલિકા આરોગ્ય શાખા દ્વારા આજે તા. ૨૫-૧૧-૨૦૨૦ ના રોજ બીગ બઝાર પાછળ, વેસ્ટ ઝોન કચેરી ખાતે શહેરમાં ઘરે ઘરે ફૂડ ડીલીવરી કરતા ડીલવરી બોય માટે હેલ્થ કાર્ડ આપવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે. સ્વીગી,

ઝોમેટો તથા રેસ્ટોરન્ટના માલિકો દ્વારા ડીલીવરી બોય માટે જરૂરી આધાર રજુ કર્યે હેલ્થ કાર્ડ આપવામાં આવશે. આજે તા. ૨૫-૧૧-૨૦૨૦ ના રોજ સવારે ૧૩૬ ફુડ ડિલીવરી બોયને કાર્ડ આપવામાં આવેલ છે.

હાલ કોરોના સામે રક્ષણ મેળવવા માટે માસ્ક પહેરવું , વારંવાર હાથ સાફ કરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું ખુબ જ જરૂરી છે. શક્ય તેટલું એકબીજાના સંપર્કમાં આવવાનું ટાળવું એ પણ ખુબ જરૂરી છે. તંત્રની કામગીરી સાથે લોકોનો પણ સહયોગ જરૂરી છે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા